અડાલજ પાસેથી દુધના ટ્રકમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર અડાલજ ગામની સીમમાં નાળીયામાંથી દુધના ટ્રકમાંથી દારુનો મોટો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ટ્રકમાં દુધના કેરેટની પાછળ સંતાડી થતી દારુની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. બિનવારસી ટાટા-૪૦૭ ટ્રકમાંથી વિવિધ બ્રાંન્ડની વિદેશી દારુની બોટલ નંગ-૨૦૧૬ તેમજ ટ્રક, મળી કુલ રૂ.૧૦,૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. તાજેતરમાં એલસીબી પોલીસે અલુવા ગામની સીમમાંથી ટ્રક અને કારમાંથી મળીને ૧૩૯૬ બોટલ વિદેશી દારુની ઝડપી પાડી હતી. ત્યારે અડાલજ પોલીસે નાઈટ પેટ્રોલીંગ દરમિયાન અડાલજ ગામની સીમમાં આવેલા નાળીયામાં ઉભા રહેલા દુધના ટ્રકમાંથી ૨૦૧૬ બોટલ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો.અડાલજ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.એસ.ઝાબરે સહિતના સ્ટાફના કર્મચારીઓ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી કે ત્રિ-મંદિર તરફથી અડાલજ ગામની સીમમાં નાળીયામાં દુધના ટ્રકમાં વિદેશી દારુનો જથ્થો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ટ્રક બિનવારસી મળી આવી હતી. જયારે ટ્રકનો પાછળનો દરવાજો પણ ખુલ્લો હતો અને ટ્રકમાં ડ્રાઈવર સાઈડનો દરવાજો પણ ખુલ્લો હતો, જયારે ટ્રકમાં ચાવી પણ ભરાયેલી હતી. પોલીસે ટ્રક નં. જી.જે.૦૯.એ.વી.-૨૧૨૯ માં અંદર તપાસ કરતા દુધના ખાલી કેરેટની પાછળ વિદેશી દારુની ૧૧૭ પેટી મળી આવી હતી. પોલીસે રૂ.૬.૬૮ લાખની ૨૦૧૬ નંગ દારૂની બોટલ, દુધનો ટ્રક, દુધના કેરેટ મળી કુલ રૂ.૧૦.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાસણા રાઠોડના જમીન દલાલ યુવકને કેનાલમાં ધક્કો મારી મિત્રએ હત્યા કરી

ગાંધીનગર,તા.૧૭

આજથી દશ દિવસ અગાઉ દહેગામના વાસણા રાઠોડ ગામના ગુમ થયેલા યુવકનો મૃતદેહ અડાલજ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. જયારે ગુમ યુવકની કાર સળગી ગયેલી હાલતમાં નિકોલ વિસ્તારમાંથી મળી આવી હતી. જયારે યુવકને કેનાલમાં ધક્કો મારી તેની હત્યા નિપજાવનાર અને તેની કાર સળગાવનાર તેના હત્યારા મિત્રને એલસીબી-૧ પોલીસે પકડી પાડયો છે. હત્યા પ્રકરણમાં મિત્રએ પોતાની પત્નિ સાથે આડા સંબંધો હોવાનો વહેમ રાખી યુવકને કેનાલમાં ધક્કો મારી હત્યા કરવામાં આવી હોવાની હકીકત સામે આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ વાસણા રાઠોડ ગામના ૨૪ વર્ષિય પાર્થ કમલેશભાઈ ઠાકોર જમીન દલાલી અને ફાઈનાન્સના વેપાર સાથે સંકળાયેલ હતો. જે ગત તા.૪ મ ના રોજ ઘરે થી બિલાસીયા ગામે સામાજીક પ્રસંગે ગયા હતા. મોડીરાત સુધી દિકરો ઘરે ન આવતા પરિવારજનોને ચિંતા થતા શોધખોળ શરુ કરી હતી. જયારે પાર્થ ઠાકોરની કાર સળગેલી હાલતમાં નિકોલ વિસ્તારમાંથી મળી આવી હતી. તો બીજીતરફ અડાલજ પાસે અમીયાપુર નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી પરિવારજનોએ હત્યાની શંકા વ્યકત કરી હતી. જેથી જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલની સુચના થી એલસીબી-૧ પીઆઈ એચ. પી. ઝાલાની ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ, હે.કો.અનુપસિંહ, પો. કો.દિગ્વિજયસિંહ, જીગ્નેશકુમાર, ધીરેન્દ્રસિંહ, અને એલઆર દિગ્વિજયસિંહ સહિતના કર્મચારીઓએ જે સ્થળથી મૃતદેહ અને સળગી ગયેલી હાલતમાં ગાડી મળી હતી. તે સ્થળે ટેકનીકલ સોર્સ તેમજ આસપાસના સીસીટીવી ફુટેજ ચેક કરતા એક એકટીવા ચાલક શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. જેથી અનુપસિંહ અને દિગ્વિજયસિંહ

એકટીવાની માહિતી મેળવીને ચિરાગ વિનોદભાઈ પટેલ (રહે. ડી.૫૯ સ્વામીનારાયમ ફલેટ સધી માતાના મંદિરવાળો રોડ ન્યું નરોડા)ને પકડી પાડી પુછપરછ કરતા સિલસિલા બંધ હકીકત સામે આવી હતી. મૃતક પાર્થ ઠાકોર છેલ્લા બે વર્ષથી ચિરાગનો મિત્ર હોવાથી તેના ઘરે આવતો જતો હતો. પાર્થ ઠાકોરને પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવાની ચિરાગને શંકા હતી. ગત તા.૪ મે ના રોજ રાત્રી દરમિયાન પોતાની એકટીવા લઈ ચિરાગ પટેલ એણાસણ ગામે ગયો હતો અને ત્યાં પાર્થ ઠાકોર સ્વીફટ કાર લઈને ઉભો હતો. જયારે એકટીવા કેનાલ પાસે જોગણી માતાના મંદિર પાસે અંધારામાં મુકી દીધુ હતું. ત્યારબાદ બંન્ને જણા નિકોલ વિસ્તારમાં આવેલ ટીમલી હનુમાનજી મંદિર ખાતે ગયા હતા. ત્યારબાદ ગાડી ત્યાં મુકીને મુસાફર ગાડીમાં બેસી પરત એણાસણ આવી ગયા હતા. ચિરાગ પટેલના એકટીવા પર તેઓ એણાસણથી રાયપુર નર્મદા કેનાલ ખાતે બેસવા માટે ગયા હતા. ત્યારબાદ ચિરાગને પાર્થ ઠાકોર કામ ધંધા અંગે ઠપકો આપવા લાગ્યો હતો. જેથી આ તકનો લાભ લઈ ચિરાગે પાર્થ ઠાકોરને કેનાલમાં ધક્કો મારી દેતા તે નર્મદા કેનાલના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ત્યારપછી ચિરાગ પટેલ એકટીવા લઈ ઘરે આવી ગયો હતો. ત્યારબાદ ગાડીમાં પાર્થ ઠાકોર સાથે પોતે પણ બેઠો હતો. જેથી ગાડીમાં તેની ફિંગરપ્રિન્ટ આવે નહી અને પોતાનુ નામ ન આવે તે તે માટે આ ગાડીને સળગાવી મુકવાનું નક્કી કર્યું હતું. જેથી રાત્રીના સમયે સ્વીફટ ગાડી જે સ્થળે પડી હતી ત્યાં પેટ્રોલ લઈને જઈને ગાડી પર પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી અને પોતાના ઘરે પરત ફર્યો હતો.

યુથ કોંગ્રેસના ૫૦ કાર્યકરોની અટકાયત

ગુજરાત માંગે રોજગાર અભિયાનનો પ્રારંભ, રાજયની શ્રમ અને રોજગાર કચેરીનો ઘેરાવ કરવામાં આવશે, બેરોજગારો દ્વારા રોજગાર માંગ પત્ર ભરવામાં આવશે. યુથ કોંગ્રેસના પ્રમુખ સહિત ૫૦ કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા.૧૭

"ગુજરાત માંગે રોજગાર" અભિયાનનો પ્રારંભ ગાંધીનગરથી ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. આ પ્રથમ તબક્કાના અભિયાનમાં ગાંધીનગર શ્રમ રોજગાર કચેરીનો ઘેરાવ કરવાનો કાર્યક્રમ હતો. ત્યારે કચેરીનો ઘેરાવ કરવા છતા સમયે જ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ વિશ્વાનાથસિંહ વાઘેલા સહિત ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. મળતી વિગત મુજબ ગુજરાત માંગે રોજગાર અભિયાન હેઠળ રાજયની તમામ શ્રમ અને રોજગાર કચેરીનો ઘેરાવ કરવામાં

આવશે. રાજયમાં ૩,૬૪,૨૫૨ બેરોજગાર યુવક-યુવતિઓ છે. જેમાં ૩,૪૬,૪૩૬ શિક્ષિત અને ૧૭,૮૧૬ અર્ધ શિક્ષિત બેરોજગાર ઉમેદવારો નોંધાયા છે. યુથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આજથી યુથ કોંગ્રેસ ગાંધીનગરથી ગુજરાત માંગે રોજગાર અભિયાનના પ્રથમ તબક્કાની શરુઆત કરવામાં આવી છે. જેમાં રોજગાર ક્યાં છે તે પ્રશ્ન સરકારને કરવામાં આવશે. જયારે યુથ કોંગ્રેસની બીજા તબક્કાનો પ્રારંભ તા.૧૦ જુલાઈના રોજ કરવામાં આવશે. આ કાર્યક્રમ બેરોજગાર યુવાનો પ્રશ્ન સાંભળવામાં આવશે. રાજયની તમામ વિધાનસભામાં બેરોજગાર યુવાનોના રોજગાર માંગ પત્ર ભરવામાં આવનાર છે. વિધાનસભા અને ઝોન વાઈઝ વિસ્તારમાં યુવાવર્ગને રોજગારી આપવા માટે વિશાળ બાઈક રેલી દ્વારા યુવાનોને રોજગાર આપો જેવા સુત્રોચ્ચાર કરીને રાજયના દરેક જિલ્લા કલેકટરને રોજગાર અંગે આવેદન પત્ર પાઠવવામાં આવશે. ગાંધીનગરમાંથી ભારે સુત્રોચ્ચાર કરી અભિયાનનો પ્રારંભ કરાયો હતો. ત્યારે ગાંધીનગર શ્રમ રોજગાર કચેરીનો ઘેરાવ કરવા જતા પોલીસ દ્વારા યુથ કોંગ્રેસ પ્રમુખ સહિત ૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

● સે. ૧૭ના ઈન્દિરા ગાંધી ભવન ખાતે લેબ. ટેકનીશ્યનના પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાં આવેલ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી આજથી શરૂ થઈ છે. એક સપ્તાહ સુધી આ કામગીરી ચાલવાની છે.

● ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં આજે મિટીંગ્સ ડે હતો. આખો દિવસ આરોગ્ય અને અન્ય બેઠકો ચાલી હતી.

● જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની બેઠક મળી હતી.

● દહેગામ શહેર તેમજ તાલુકા બ્રહ્મસમાજ દ્વારા કાશ્મીરી પંડિત રાહુલ ભટ્ટની હત્યાના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું.

● જૂનના પ્રથમ સપ્તાહમાં રાજયના વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો કરાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

● શહેરમાં ઉનાળાનું ફળ કેરીના ભાવમાં ઘટાડો થયેલો જોવા મળી રહ્યો છે. જો કે હજુ દસ કિલોની પેટીનો ભાવ ૧૦૦૦ થી ૧૧૦૦ રૂ. છે.

● ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવમાં પાછો ઉછાળો જોવા મળ્યો છે.

● શહેરમાં વિવિધ સેક્ટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટલાઈટ બંધ રહેવાની ફરિયાદો ઉઠી છે.

● ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોમાં પાણીની નવી પાઈપલાઈનો નાખવા ખોદકામ પૂરજોસમાં ચાલી રહ્યુ છે પણ આ પછી પુરાણની કામગીરી યોગ્ય રીતે ન થવાની ફરિયાદો ઉઠી છે.

● વિશ્વ બેંકની એક ઉચ્ચસ્તરીય ટીમ આજે ગાંધીનગરની મુલાકાતે હતી.